પૂર્વ પટ્ટીના પ્રવાસન સર્કિટ પ્રોજેક્ટનો વિકાસ કરવા માગ

ભરૂચ જિલ્લાના હેરિટેજ ગણાતા પ્રવાસન ધામોનો વિકાસ ક્યારે થશે ?

સરકાર દ્વારા બજેટની ફાળવણી છતાં પ્રવાસ ધામોનો કોઈ વિકાસ નહીં

। ભરૂચ ।

ભરૂચ જિલ્લાના એવા અનેક સ્થાનકો છે જેનો પ્રવાસધામ તરીકે વિકાસ થવાની શક્યતા છે તેથી જ ૨૦૧૧-૧૨ માં તત્કાલીન કેન્દ્ર સરકારના ટુરીઝમ મંત્રાલયે રાજ્ય પ્રવાસન વિભાગના સંકલનમાં રહીને ભરૂચ તાલુકાના શુકલતીર્થ, કબીરવડ, મંગલેશ્વર, અંગારેશ્વર જેવા પ્રવાસન સર્કીટ પ્રોજેક્ટ માટે કરોડોની ગ્રાન્ટ ફાળવી હતી તે પ્રોજેક્ટ આજે પણ અધુરો છે હેરીટેજ વારસામાં મળેલા ઐતિહાસીક-પૌરાણિક માનબિંદુ સમા પ્રવાસન સ્થળોના વિકાસ ક્યારે થશે ? તેની આતુરતા પુર્વક રાહ જોવાઈ રહી છે.

૯૦૦ વર્ષો ઉપરાંત ઐતિહાસિક-પૌરાણિક નર્મદા નદીના ઉભયતટ એટલે કે નદીની વચ્ચે આવેલા કબીરવડ એ નર્મદા નદીની મધ્યમાં એક ટાપુ પર આવેલુ પ્રખ્યાત સ્થળ છે. શુકલતીર્થ શિવ મંદિર સુધી અને ત્યાંથી ચાલતી હોડીઓ દ્વારા અહી પહોંચી શકાય છે તેમાં વટવૃક્ષનું અદભુત શોધ છે જે વર્ષોથી વિકસ્યુ છે અને લગભગ ૩ કિમીનો વિસ્તાર ધરાવે છે. આ સ્થળ સંત કબીર સાથે અવિચલ શ્રદ્ધા આસ્થા અને અડગતા સાથે સંકળાયેલ છે જયાં પ્રખ્યાત કબીર મંદિર પણ છે જ્યાં મુલાકાતીઓ અને ઉપાસકો આવે છે. આમ લોકો કબીરવડની મુલાકાત માત્ર ઐતિહાસિક અને પૌરાણિક સ્થાનક હોવાના કારણોસર જ નહી. પરંતુ આ વિશાળ વટવૃક્ષના પગલે અદભુત એકાંત અને પવિત્ર શાંતિમય નૈસર્ગિક સૌંદર્ય વાતાવરણ આકર્ષણનું કેન્દ્ર છે ભરૂચ શહેરની પુર્વ પટ્ટીનો શુકલતીર્થ, મંગલેશ્વર, કબીરવડ અને અંગારેશ્વર જેવા પ્રવાસન સર્કીટ પ્રોજેક્ટ છે જેનો વિકાસ થાય તેવી માંગ ઉભી થઈ છે.

મંજુર કામો હજી થયા નથી

શુકલતીર્થ ઘાટ : સાઈટ સર્વે, સાઈટ ક્લીનીંગ, ઘાટની કામગીરી બે ચેન્જીંગ રૂમ, બે સીટ આઉટ, ગાર્ડન વોક વે, દુકાનની કામગીરી પ્લીન્થ લેવલ સુધી.

કબીરવડ ઘાટ : સાઈટ સર્વે, સાઈટ ક્લીનીંગ, ગજેબો ૫ નંગ સ્લેબ લેવલ, અને એક નંગ કોલમ લેવલ સુધી, દુકાન પ્લીન્થ લેવલ સુધી, ડાયનીંગ હોલ પ્લીન્થ લેવલ સુધી, માહીતી કેન્દ્ર પ્લીન્થ લેવલ સુધી, ક્લોક રૂમ અથવા લગેજ રૂમ પ્લીન્થ લેવલ સુધી, કબીર ગૃહ પ્લીન્થ લેવલ સુધી.

અંગારેશ્વર ઘાટ : સાઈટ સર્વે, સાઈટ ક્લીનીંગ, ઘાટની પાઈલ્સની કામગીરી, પાર્ટ એ- પાઈલ અને પાર્ટ-બી પાઈલ.

મંગલેશ્વર ઘાટ: સાઈટ સર્વે તેમજ અન્ય સુવિધાઓનો સમાવેશ.

મેળામાં લાખો યાત્રાળુ ઉમટે છે ત્યારે શુકલતીર્થ પ્રવાસન ધામનો વિકાસ જરૂરી

કાર્તિકી પુનમના શુકલતીર્થના મેળા દરમિયાન આઠ લાખ યાત્રાળુઓએ મુલાકાત લીધી હતી અને ધોધમાર માવઠુ થયુ છતાં અનેક રોજગારી મેળવનારા દુકાનદારોને સારી કમાણી થઈ હતી તેમજ વાહન ચાલકોને આવક સારી આવક થઈ છે ત્યારે આ પ્રવાસનધામનો વિકાસ થયો જરૂરી છે.

ઝઘડિયા GIDCમાં કામદારોની ટેમ્પોમાં જોખમી મુસાફરી

। ઝઘડિયા ।

ઝઘડિયા ખાતે આવેલ જીઆઈડીસીમાં ઘણી ઔદ્યોગિક કંપનીઓ કાર્યરત છે. જીઆઈડીસીના ઉદ્યોગોમાં કામ કરતા કામદારો પૈકી મોટાભાગના કામદારો લેબર કોન્ટ્રાક્ટરોના નેજા હેઠળ કામ કરતા હોય છે. લેબર કોન્ટ્રાકટમાં કામ કરતા કામદારોને જીઆઈડીસીમાં લઈ જવા લાવવા માટે ઘણા કોન્ટ્રાકટરો ટેમ્પો જેવા વાહનોનો ઉપયોગ કરતા હોવાની વાતો બહાર આવી છે. ટેમ્પો જેવા વાહનોનો ઉપયોગ સામાન્યરીતે માલ સામાનની હેરાફેરી કરવા માટે થતો હોય છે,જ્યારે કામદારોને જીઆઈડીસીમાં લઈ જવા લાવવામાં ટેમ્પો જેવા વાહનોનો ઉપયોગ થાય તે બાબત કેટલે અંશે યોગ્ય ગણાય ? ટેમ્પો જેવા વાહનોમાં કામદારોને કરાવાતી જોખમી મુસાફરી ખુલ્લેઆમ કરાવાતી હોય છે,તેમજ આ બાબત સ્થાનિક પોલીસ તેમજ જીઆઈડીસી એસોસિયેશનની નજર સામે જ થતી હોવા છતાં આવા જવાબદારો પણ આંખ આડા કાન કરતા હોય છે. જીઆઈડીસીમાં કાર્યરત ઘણી ઔદ્યોગિક કંપનીઓમાં છાસવારે આગજની, ગેસ ગળતર તેમજ બ્લાસ્ટ જેવી દુર્ઘટનાઓ થાય છે,અને આવી દુર્ઘટનાઓ હવે જાણે સામાન્ય બની ગઈ છે. છાસવારે થતી દુર્ઘટનાઓ પૈકી કેટલીક જીવલેણ પણ બનતી હોય છે.તેમાં જીઆઈડીસીમાં કામદારોને લાવવામાં ટેમ્પો જેવા વાહનોનો જોખમી ઉપયોગ કરવામાં આવે છે તે વાત પણ જીઆઈડીસીની અન્ય દુર્ઘટનાઓની જેમ કામદારો માટેતો છેવટે નુકશાનકારક જ ગણાય ! જોકે જીઆઈડીસીના ઉદ્યોગ સંચાલકો,લેબર કોન્ટ્રાકટરો,જીઆઈડીસીના હોદ્દેદારો તેમજ સ્થાનિક પોલીસ પણ આ બાબતે ચુપ હોવાથી કોઈ પરિણામ મળતું નથી.

જીપ ભડભડ સળગી

ઝઘડિયા તાલુકાના મુલદ ચાર રસ્તાના નજીક નેશનલ હાઇવે ૪૮ ઉપર પસેંજર લઇ જતી ગાડીમાં આગ લાગી હતી. આગની લપેટમાં આવેલ ક્રુઝર જીપ ઝઘડિયા જીઆઇડીસી મા આવેલ કોઇ એક કંપનીના કર્મચારીઓના વહન માટે ઉપયોગમાં લેવાતી હતી. સૌપ્રથમ ધુમાડા સ્વરૂપે લાગેલી આગે મોટુ સ્વરૂપ ધારણ કર્યું હતુ. જો કે જાનહાની ટળી હતી.

પાણી આપનાર મહિલા પોલીસને હડસેલી આરોપી ફરાર

ભરૂચ બી.ડિવિઝન પોલીસ મથક ખાતેથી આરોપી ફરાર

આરોપીએ પાણી માંગ્યુ અને પછી ફિલ્મી ઢબે ફરાર થયો

। ભરૂચ ।

ભરૂચ બી.ડીવીઝન પોલીસ મથક ખાતે ફીલ્મોમાં દર્શાવાય છે તેવો બનાવ બન્યો હતો. આ બનાવમાં એક ચેક રીટર્ન થયો હોવાના ગુનામાં જેની પર વોરન્ટ કાઢવામાં આવ્યુ હતુ તેવા આરોપીને બી.ડીવીઝન પોલીસ પકડી લાવી બી.ડીવીઝન પોલીસ મથક ખાતેની હંગામી જેલમાં રાખ્યો હતો. જેમાં જેલના સળીયા પર લોખંડની જાળી હોવાના પગલે પાણીનો ગ્લાસ કે બોટલ આરોપી સુધી પહોંચાડી શકાય તેમ ન હતુ જેના પગલે જ્યારે આરોપીએ પાણી માંગ્યુ ત્યારે મહિલા પોલીસ કર્મચારીએ હંગામી જેલનો દરવાજો થોડો ખોલી પાણી આપવાનો પ્રયાસ કર્યો અને અહીંથી ફીલ્મી ઢબની શરૂઆત થાય છે જેમાં આરોપીએ ધક્કો મારી મહિલા પોલીસને હડસેલી હતી અને પોતે હંગામી જેલમાંથી બહાર નીકળી આવી ફરાર થઈ ગયો હતો. નવાઈની બાબત એ છે કે, આ સમયે હાજર અન્ય પોલીસ સ્ટાફ પણ જે તે સમયે કેદીને પકડી શક્યો ન હતો.

આ અંગે વધુ વિગતે જોતા આ બનાવના ફરિયાદી હે.કો. સુનિલભાઈ શાંતિલાલની બી. ડીવીઝન ખાતે નોંધાયેલ ફરિયાદ મુજબ આરોપી વિજય સંજય વસાવા ઉ.વ.૨૪ રહે.નાની ડુંગરી, ભરૂચ એન.બી.ડબલ્યુ એટલે કે નેગોશિએબલ વોરન્ટના કામે પોલીસ કસ્ટડી હેઠળ લોકઅપમાં હોય આરોપીએ પીવાનું પાણી માંગતા ડબલ્યુ.પી.સી. એટલે કે મહિલા પોલીસ અમરતબેન કરસનભાઈએ લોકઅપ ખોલી આરોપીને પાણી આપવા જતા આરોપી વિજય વસાવા અમરતબેનને ધક્કો મારી નાસી ગયો હતો. અત્રે નોંધવુ રહ્યુ કે, આરોપીને તાજેતરમાં જ બી. ડીવીઝન ખાતે લાવવામાં આવ્યો હતો તેવામાં જયારે પોલીસ સ્ટેશનની અમલદારની મદદમાં ફરજ બજાવતા ડબલ્યુ.પી.સી. અમરતબેને પોલીસ સર્વેલન્સ સ્ટાફની સામે આવીને જણાવેલ કે લોકઅપમાં મુકેલ આરોપી પીવાનું પાણી માંગે છે તેથી પીવાનું પાણી આપવા અંગે પોલીસ સ્ટેશનના અમલદાર રસીલાબેને જણાવ્યુ હતુ.

આ બનાવ સાંજના ૬ વાગ્યાના અરસામાં બન્યો હોવાનું ફરિયાદમાં જણાવાયુ છે.

વાલીયા ચોકડીથી મોબાઈલ સ્નેચિંગના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

। અંકલેશ્વર ।

અંકલેશ્વરના પાનોલી પોલીસ મથકના મોબાઈલ સ્નેચિંગના ગુનામાં નાસતા ફરતા આરોપીને અન્ય ચોરીના ૩ મોબાઈલ સાથે તથા ચોરીના મોબાઈલ વેચાણ-લેનાર ૨ શખસને ૮ નંગ મોબાઈલ જેની કિંમત રૂ. ૫૦ હજારના મુદ્દામાલ સાથે ભરૂચ ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ઝડપી પાડ્યા હતા.

એલસીબી પોલીસની ટીમ દ્વારા ભરૂચ જિલ્લાના અનડીટેક્ટ ઘરફોડ ચોરીના ગુનાઓને શોધી કાઢવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. આ દરમિયાન એલસીબી પોલીસ સબ ઈન્સ્પેક્ટર એમ.એમ.રાઠોડ તથા તેમની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, તે દરમિયાન બાતમી મળી હતી કે, પાનોલી પોલીસ મથકના મોબાઈલ ચોરીના ગુનામાં નાસતો ફરતો આરોપી પ્રથમ મિસ્ત્રી હાલ અંકલેશ્વર વાલિયા ચોકડી તરફ જોવા મળ્યો છે.

જે બાતમીના આધારે વાલીયા ચોકડી ખાતેથી સુરતના કોસંબાની શાંતિનગર સોસાયટીમાં રહેતા ૨૦ વર્ષીય પ્રથમ મિસ્ત્રીને વાલીયા ચોકડી અંકલેશ્વરથી પકડી તેની અંગઝડતી કરતા તેના પાસેથી ૩ મોબાઈલ મળી આવ્યા હતા. જે મોબાઈલના બિલ પુરાવા રજૂ ન કરતા સાથે આરોપી ભાંગી પડ્યો હતો. અને કબુલાત કરી હતી કે, હું તથા મારો મિત્ર તુષાર પટેલ સુરત તથા ભરૂચ જિલ્લામાં મુલદથી માંડવા રોડ ઉપરથી આશરે રથી ૩ વખત તથા બાકરોલ બ્રિજથી ધામરોડ વચ્ચે આશરે રથી ૩ વખત તેમજ વાલીયા ચોકડી બ્રિજ ઉપર એક વખત અને અંકલેશ્વરથી પાનોલી રોડ ઉપર આશરે ૩ વખત મિત્ર તુષારની બાઈક ઉપર નીકળી રસ્તામાં મોબાઈલ પર વાત કરતા જતા લોકોના હાથમાંથી મોબાઈલ ખૂંચવી લઈ કોસંબા ખાતે રહેતા અર્જૂન તથા જયેશ ડમેચાને વેચાણથી આપતા હોવાની હકીકત પોલીસ સમક્ષ જણાવી હતી. જેથી ચોરીના મોબાઈલ વેચાણ રાખતા અર્જૂન અને જયેશ ડમેચાને કુલ ૫ નંગ મોબાઈલ સાથે ઝડપી પાડ્યા હતા.

આ બન્ને ઈસમોએ કબુલાત કરી હતી કે, અમારી પાસેથી મળી આવેલ મોબાઈલ પ્રથમ મિસ્ત્રી તથા તુષાર પટેલ ચોરી કરીને લાવતા હતા, અને અમને રસ્તામાં આપતા હતા, જેથી અમે આ મોબાઈલ વેચાણથી રાખતા હોવાની પોલીસને હકીકત જણાવી હતી. જેથી પોલીસે ત્રણેય શખસ પાસેથી ૨ નંગ મોબાઈલ જેની કિંમત રૂ. ૫૦ હજારનો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય ઈસમો વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવા સાથે અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસને સોંપવામાં આવ્યા છે. આ સાથે જ પાનોલી પોલીસ મથક ખાતે પણ આરોપીઓ અંગે જાણ કરવામાં આવી છે.

રવિવારે ગામમાં ચૂંટણી બહિષ્કારના બેનરો લાગ્યા બાદ

ખાનપુરદેહના ગ્રામજનોએ બિસમાર રોડ માટે પ્રાંત અધિકારીને આવેદન આપ્યું

કોઈપણ પક્ષના કાર્યકરોને પ્રચાર માટે ગામમા પ્રવેશ નહી કરવા ચીમકી અપાઈ

। જંબુસર ।

જંબુસર તાલુકાના વિકાસથી વંચિત ખાનપુર દેહ ગામે ગતરોજ ચૂંટણી બહિષ્કારના બેનરો લાગ્યા બાદ આજરોજ ગ્રામજનોએ માજી સરપંચ રસીદભાઈ પટેલની આગેવાની હેઠળ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી પોતાની વ્યથા વ્યક્ત કરી હોવાના તથા કોઈપણ રાજકીય પક્ષના કાર્યકરોએ પ્રચાર માટે ગામમા પ્રવેશ નહી કરવા આવેદનપત્ર દ્વારા ચીમકી આપી હોવાના સમાચાર પ્રાપ્ત થયા છે.

બિસમાર રસ્તા માટે પ્રાંત અધિકારીને આવેદન આપતા ગ્રામજનો.

જંબુસર તાલુકા ના ૫૦૦૦ ની વસ્તી ધરાવતા ખાનપુર દેહ ગામ થી જંબુસર નો માર્ગ એકદમ બિસ્માર હાલત મા હોય તે માટે મત વિસ્તારના ધારાસભ્ય, પી ડબલ્યુ ડી વિભાગના અધિકારી સહીત ગાંધીનગર સુધીની ઉચ્ચ કક્ષાએ આ રોડની ગ્રામજનોએ રજૂઆત કરવા છતાં પણ આજદિન સુધી કોઈ નિવેડો આવ્યો નથી તેમજ બે વર્ષથી રોડ મંજુર થવા છતાં રોડ બનાવવામાં કોન્ટ્રાકટર તરફથી કોઈપણ કામગરી હાથ ધરાતી નથી.છેલ્લા કેટલાય મહિનાઓથી કોન્ટ્રાકટર દ્વારા ગામ ઉપર મશીનરી મુકવામા આવેલ છે પણ કામગીરી શરૂ ન કરાતા ગ્રામજનોમા રોષ લાગણી પ્રવર્તી છે. અને રોડ નહીં તો વોટ નહીં ની માંગ સાથે ચૂંટણી બહિષ્કાર કરવાનુ ગ્રામજનો નક્કી કરી ગામમા ચૂંટણી બહિષ્કાર ના બેનરો લગાડી વિરોધ વ્યક્ત કર્યો હતો અને ગામમા પ્રચાર અર્થે કોઈ પણ રાજકીય આગેવાને ગામમાં પ્રવેશ કરવા દેવામાં આવશે નહીં તેવી જાહેરાત કરી હતી. ત્યારબાદ આજરોજ સોમવારે માજી સરપંચ રસીદભાઈ પટેલ (મચ્છીવાળા) ની રાહબરી હેઠળ મોટી સંખ્યામા ગ્રામજનો જંબુસર પ્રાંત કચેરીએ આવ્યા હતા. અને પ્રાંત અધિકારી એમ.બી.પટેલને આવેદનપત્ર પાઠવીને પોતાની વ્યથા વ્યક્ત કરતા આવેદનપત્ર દ્વારા જણાવ્યુ હતુ કે ખાનપુર ગામના ગ્રામજનોનો તમીમ ક્ષેત્ર સહિત તમામ વ્યવહાર તાલુકા મથક જંબુસર સાથે જોડાયેલો છે.ખાનપુર ગામથી જંબુસરનો માર્ગ એકદમ બિસ્માર હાલતમા હોઈ બિમાર દર્દીઓ, પ્રસુતા, વૃધ્ધોને આવવા જવામા મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે.તેમજ ખાનપુર જંબુસર વચ્ચે પેસેન્જરમા ફરતી રિક્ષાના ચાલકોને બિસ્માર રોડના કારણે રિક્ષાને નુકશાન થઈ રહ્યુ હોઈ રીક્ષા ચાલકોને આર્થિક નુકસાનનો સામનો કરવો પડતો હોય છે.આ સમસ્યાના નિવેડા માટે તાકીદે રોડ નુ કામ શરૂ કરાવવા માંગ કરી જો કામ શરૂ નહીં થાય તો લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કરવાની તથા ગામમા પ્રચાર અર્થે આવતા રાજકીય પક્ષના કાર્યકરો માટે પ્રવેશ બંધી કરાઈ હોવાની જાણ આવેદનપત્ર દ્વારા પ્રાંત અધિકારીને કરી છે.

નર્મદા જિલ્લાને સાતમાં IAS ઓફિસર મળ્યાં

। કેવડિયાકોલોની ।

નર્મદા જિલ્લો નાનકો જિલ્લો છે. નર્મદા જિલ્લામાં પાંચ તાલુકા છે અને નર્મદા જિલ્લાની વસ્તી પણ કંઈ ખાસ નથી પરંતુ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને નર્મદા જિલ્લો એસ્પીરેશનલ ડિસ્ટ્રિક્ટ પણ છે ત્યારે ગુજરાત કેડરમાં ફાળવાયેલા ૨૦૨૩ ની બેચના ૦૮ પ્રોબેસનરી આઈ.એ.એસ અધિકારીઓ પૈકી એસ્પિરેશનલ નર્મદા જિલ્લામાં તાલીમ માટે આઈ.એ.એસ. અધિકારી મુસ્કાન ડાગર નર્મદા જિલ્લામાં હાજર થયા હતા. તેઓ મુળ હરિયાણાના વતની છે.જેમનો તાલીમનો સમયગાળો ૩૦ મી સપ્ટેમ્બર ૨૦૨૫ સુધીનો રહેશે. તેઓ ચૂંટણી અંગેની વિવિધ બાબતોની જાણકારી મેળવશે. જિલ્લા વહીવટીતંત્રમાં જોડાતા નિવાસી અધિક કલેકટર સી.કે. ઉંધાડ બુકે દ્વારા તેઓનુ સ્વાગત કર્યુ હતુ. અને જિલ્લામા હાજર થવા સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. આ નવા IAS નર્મદા જિલ્લામાં જોડાતા નર્મદા જિલ્લાને આ સાતમા IAS ઓફિસર મળ્યા કે જેઓ વિકાસને આગળ વધાવશે.

તમારા દુઃખમાં સહભાગી સંદેશ
ભરૂચ-નર્મદા, પંચમહાલ-દાહોદ-મહીસાગર, વડોદરા-છોટાઉદેપુર એડિશન માટે
દુઃખદ અવસાન/ બેસણું /શ્રદ્ધાંજલિ
ફક્ત રૂા. ૭૦૦/-
૪૫ ચો.સે.મી. (૯ X ૫ કે ૫ X ૯) સાઇઝ
વધારાના ચો. સે.મી.ના રૂા. ૨૨/-
રવિવારે પણ બેસણું/શ્રદ્ધાંજલિની જાહેરખબર સ્વીકારાશે.
Note : GST as applicable
સંદેશ Sandesh Bhavan, Near L & T Circle, Opp. Ratribazar, VIP Road, Karelibaug, Vadodara
Phone : 0265-2464750

પીએચ.ડી. થયા

ભરૂચ જિલ્લાના ઝાડેશ્વર ગામની નવી નિઝામવાડીમાં રહેતા પ્રકાશભાઈ નિઝામાના સુપુત્ર કરન પ્રકાશભાઈ નિઝામાએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટીના એ જ ર ૧ ૬ કે ર ૧ - ૧ વિભાગના શારિરીક શિક્ષણ વિષયમાં રજૂ કરેલ મહાશોધ નિબંધ દક્ષિણ ગુજરાતની



શાળાઓના વિવિધ બ્લડ ગ્રુપ ધરાવતા વિદ્યાર્થીઓની શારિરીક ક્ષમતાનો તુલનાત્મક અભ્યાસને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સીટી એ માન્ય રાખી તેમને પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. આ મહાશોધ નિબંધ તેમણે એસ.એમ. શ્રી.આર.આર્ટસ કોલેજ પાવી-જેતપુરના એસોસિયેટ પ્રોફેસર ડો.દીપક કે.શેઠના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો.

ફોર્મ એ - સાર્વજનિક જાહેરાત

(ઈન્સોલ્વન્સી એન્ડ બેંકરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયાના નિયમન ૬ હેઠળ (ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રોસેસ ફોર કોર્પોરેટ પર્સન્સ) નિયમો, ૨૦૧૬)

રોન્સન પિગમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના લેણદારોના ધ્યાન માટે

સંબંધિત વિગતો		
1	કોર્પોરેટ દેવાદારનું નામ	રોન્સન પિગમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ
2	કોર્પોરેટ દેવાદારના ઈન્કોર્પોરેશનની તારીખ	11.03.2008
3	ઓથોરિટી કે જેના હેઠળ કોર્પોરેટ દેવાદાર ઈન્કોર્પોરેટ / નોંધાયેલ છે.	આરઓસી - અમદાવાદ
4	કોર્પોરેટ ઓળખ નંબર / મર્યાદિત જવાબદારી ઓળખ નંબર કોર્પોરેટ દેવાદારની	U24117GJ2008PTC053199
5	કોર્પોરેટ દેવાદારની રજિસ્ટર્ડ ઓફિસ અને મુખ્ય ઓફિસનું સરનામું (જો કોઈ હોય તો)	પ્લોટ નંબર ૬૦૦૬, GIDC અંકલેશ્વર ભરૂચ - 393002, ગુજરાત
6	કોર્પોરેટ દેવાદારની નાદારી પાર્ટીની તારીખ	19.04.2024
7	ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા બંધ કરવાની અંદાજિત તારીખ	16.10.2024
8	ઈન્ટરીમ રિઝોલ્યુશન પ્રોફેશનલ તરીકે કામ કરતા ઈન્સોલ્વન્સી પ્રોફેશનલનું નામ અને નોંધણી નંબર	શ્રી ઓમકારચંદ વિમલદાસ માલુ રજીસ્ટ્રેશન નંબર : IBBI/IPA-001/IP-P00435/2017-18/10758
9	બોર્ડમાં નોંધાયેલ, ઈન્ટરીમ રિઝોલ્યુશન પ્રોફેશનલનું સરનામું અને ઈમેલ	સરનામું : 403, ઉષા માળ, શીતલ પ્લાઝા, હોપ ન્યુરો કેર હોસ્પિટલ પાસે, ગુજરાત કોલેજ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ - 380006, ગુજરાત Email ID: omkar@[illegible]
10	ઈન્ટરીમ રિઝોલ્યુશન પ્રોફેશનલ સાથે પત્રવ્યવહાર માટે ઉપયોગ કરવા માટે સરનામું અને ઈમેલ	સરનામું : 403, ઉષા માળ, શીતલ પ્લાઝા, હોપ ન્યુરો કેર હોસ્પિટલ પાસે, ગુજરાત કોલેજ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ - 380006 Email ID: ipronsonpigments@gmail.com
11	દાવા રજૂ કરવાની છેલ્લી તારીખ	04.05.2024
12	લેણદારોના વર્ગ જો કોઈ હોય તો, કલમ ૨૧ની પેટા કલમ (૬એ)ના ક્લોઝ (બી) હેઠળ ઈન્ટરીમ રિઝોલ્યુશન પ્રોફેશનલ દ્વારા નિશ્ચિત	લાગુ નથી
13	વર્ગમાં લેણદારોના અધિકૃત પ્રતિનિધિ તરીકે કાર્ય કરવા માટે ઈન્સોલ્વન્સી પ્રોફેશનલના નામ (દરેક વર્ગ માટે ત્રણ નામ)	લાગુ નથી
14	(એ) સંબંધિત ફોર્મ અહીં ઉપલબ્ધ છે અને (બી) અધિકૃત પ્રતિનિધિઓની વિગતો અહીં ઉપર ઉપલબ્ધ છે	[illegible] ભૌતિક સરનામું: [illegible] શીતલ પ્લાઝા, ગુજરાત કોલેજ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ - 380006 લાગુ નથી

આથી નોટિસ આપવામાં આવે છે કે નેશનલ કંપની લૉ ટ્રિબ્યુનલ, અમદાવાદ બેન્ચે 19-04-2024 ના રોજ રોન્સન પિગમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડની કોર્પોરેટ ઈન્સોલ્વન્સી રિઝોલ્યુશન પ્રક્રિયા શરૂ કરવાનો આદેશ આપેલ છે.

રોન્સન પિગમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના લેણદારોને એન્ટ્રી નં.૧૦ સામે જણાવેલ સરનામાં પર 04-05-2024 ના રોજ અથવા તે પહેલા ઈન્ટરીમ રિઝોલ્યુશન પ્રોફેશનલ સમક્ષ પુરાવા સાથે તેમના દાવા રજૂ કરવા કહેવામાં આવ્યું છે. નાણાંકીય લેણદારો ફક્ત ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા પુરાવા [illegible] કરશે. અન્ય તમામ લેણદારો પુરાવા સાથે, વ્યક્તિગતરૂપે, પોસ્ટ દ્વારા અથવા ઈલેક્ટ્રોનિક માધ્યમ દ્વારા દાવાઓ સબમીટ કરી શકે છે.

દાવાના ખોટા અથવા ગેરમાર્ગે દોરતા પુરાવા રજૂ કરવાથી દંડ થઈ શકે છે.

(શ્રી ઓમકારચંદ વિમલદાસ માલુ) રોન્સન પિગમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના ઈન્ટરીમ રિઝોલ્યુશન પ્રોફેશનલ
Reg.No.: IBBI/IPA-001/IP-P00435/2017-18/10758
ICSI-IIP દ્વારા જારી કરાયેલ AFA 13-11-2024 સુધી માન્ય છે.

તારીખ : 22-04-2024
સ્થળ : અમદાવાદ

જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાઓને અમો જાહેર નોટીસ આપનાર વતી રતનસિંહ પ્રભુભાઈ વસાવા ઉં.આ. ૫૩ ધંધો : છુટક મજુરી, રહે. નિશાળ ફળીયુ, મોટી કાકડી તા. ડેડીયાપાડા, જિ. નર્મદા નાઓ જણાવીએ છીએ કે, અમો અરજદારના સંતાન પુષ્પાબેન પ્રભુભાઈ વસાવાનો જન્મ તા. ૧-૦૧-૧૯૭૦ના રોજ અમો અરજદારના ઘરે નિશાળ ફળીયુ મોટી કાકડી તા. ડેડીયાપાડા, જિ. નર્મદા ખાતે કુદરતી રીતે થયેલ છે. અમો અરજદાર [illegible] જન્મની નોંધણી [illegible] અરજી નં.૨૮/૨૦૨૪ થી અરજી મુકેલ છે. [illegible]

તા.૨૨.૦૪.૨૦૨૪ અરજદાર : રતનસિંહ પ્રભુભાઈ વસાવા

Nr. Adarsh Nivasi School, Mozda Road, At. & Po. Ta. Dediapada, Dist Narmada
શ્રી રતનસિંહ એમ. વસાવા એડવોકેટ B.A., LL.B. LL.M.

નોટીસ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, હાંસોટ

[illegible]

(આર.ડી.પાથર) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, હાંસોટ

નોટીસ મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, હાંસોટ

[illegible]

(આર.ડી.પાથર) એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, હાંસોટ

જાહેર નોટીસ

ડે.એમ.રાજપૂત મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અંકલેશ્વરની કોર્ટમાં

[illegible]

સહી/-(ડે.એમ.રાજપૂત) મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, અંકલેશ્વર, જી.ભરૂચ.